ભારતે વેસ્ટ ઈન્ડિઝને 224 રનનો લક્ષ્યાંક આપ્યો



અભિષેક શર્માની તોફાની ફિફ્ટી છતાં મધ્યમ ઓવરોમાં ધબડકાના કારણે મોટો સ્કોર ન બન્યો

ઈન્દૌર, તા. 11 (પીટીઆઈ): વેસ્ટ ઈન્ડિઝ સામે રવિવારે અહીં રમાયેલી ત્રીજી T20 ઈન્ટરનેશનલ મેચમાં ઓપનર અભિષેક શર્માની વિસ્ફોટક અર્ધસદી છતાં ભારતીય ટીમે મધ્યમ ઓવરોમાં બેદરકાર બેટિંગ કરી હતી, જેના કારણે સમગ્ર ટીમ 223 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી.

અભિષેક શર્માએ માત્ર 30 બોલમાં 5 ચોગ્ગા અને 6 છગ્ગાની મદદથી 69 રનની આક્રમક ઈનિંગ્સ રમી હતી. તેણે ઇશાન કિશન (18 બોલમાં 37 રન) સાથે મળીને બીજી વિકેટ માટે માત્ર 40 બોલમાં 108 રનની આક્રમક ભાગીદારી નોંધાવી હતી. આ ધમાકેદાર શરૂઆતને કારણે ભારત એક સમયે 250થી વધુ રન તરફ જઈ રહ્યું હતું. આ ઝડપી ઈનિંગ્સ દરમિયાન અભિષેકે માત્ર 18 બોલમાં પોતાની અર્ધસદી પૂર્ણ કરી હતી, જે તેની T20 ઈન્ટરનેશનલ કારકિર્દીની 14મી ફિફ્ટી હતી.

જોકે, મેચનું પાસું 9મી ઓવરમાં પલટાયું જ્યારે રોસ્ટન ચેસે (2/38) એક જ ઓવરમાં ઇશાન કિશન અને શ્રેયસ અય્યરને (1) આઉટ કર્યા હતા. ત્યારબાદ ભારતીય ઈનિંગ લથડી હતી અને ટીમ 115/1ની મજબૂત સ્થિતિમાંથી 223 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

આ ઈનિંગ્સ દરમિયાન ભારતીય બેટરો વચ્ચે અજીબોગરીબ રન-આઉટ પણ જોવા મળ્યા હતા. વાઈસ કેપ્ટન તિલક વર્મા (28) રન પૂર્ણ થયાનું માનીને બેદરકારીપૂર્વક ક્રીઝ બહાર ટહેલી રહ્યો હતો અને ગુડાકેશ મોતીના થ્રો પર રનઆઉટ થયો હતો. ત્યારબાદ અક્ષર પટેલ (20) પણ અર્શદીપ સિંહ સાથેની ગેરસમજને કારણે રનઆઉટ થયો હતો.

વેસ્ટ ઈન્ડિઝ તરફથી ચેસ ઉપરાંત શમાર સ્પ્રિંગરે પણ સચોટ બોલિંગ કરીને ભારતને મોટા સ્કોર સુધી પહોંચતા રોક્યું હતું.

ભારત	રન	બોલ	4	6
સેમસન કો પૂરણ બો જોસેફ	3	6	0	0
અભિષેક કો એ બો સ્પીન્જર	69	30	6	5
ઈશાન સ્ટ. હોપ બો ચેઝ	37	18	6	1
શ્રેયસ એલબી બો ચેઝ	1	2	0	0
તિલક રન આઉટ	28	16	4	0
નમન કો સ્પીન્જર બો મોતી	10	5	0	1
નીતીશ કો હોપ બો પોલ	21	14	3	0
અક્ષર રન આઉટ	20	14	2	0
અર્શદીપ એલબી બો સ્પીન્જર	11	8	0	1
પ્રિન્સ અણનમ	13	6	3	0
મયંક બો જોસફ	0	1	0	0
વધારાના	10			
કુલ 20 ઓવરમાં 10 વિકેટે	223 રન			

વિકેટ પતન: 1-7, 2-115, 3-117, 4-124, 5-135, 6-169, 7-194, 8-202, 9-210, 10-223

બોલિંગ	O	M	R	W
રોસ્ટન ચેઝ	4	0	38	2
શમર જોસફ	4	0	54	2
કીમો પોલ	4	0	38	1
શમર સ્પીન્જર	4	0	50	2
ગુડાકેશ મોતી	4	0	37	1

ઈન્ડિયા Aનો ઓસ્ટ્રેલિયા A સામે વિજય: ઓસ્ટ્રેલિયાએ શ્રેણી 2-1થી જીતી

સૂર્યાંશ શેડગેની આક્રમક ફીફ્ટી, ગુરજપનીત સિંહની 3 વિકેટ

ભારતના 275 રન સામે ઓસ્ટ્રેલિયા A 226 રનમાં સમેટાઈ ગઈ



પુડુચેરી, તા. 11 (પીટીઆઈ): સૂર્યાંશ શેડગેના ઝડપી 66 રન અને ફાસ્ટ બોલર ગુરજપનીત સિંહની 3 વિકેટની મદદથી ઈન્ડિયા A ટીમે રવિવારે રમાયેલી ત્રીજી અને અંતિમ વન-ડે મેચમાં ઓસ્ટ્રેલિયા Aને 49 રને હરાવ્યું હતું. જોકે, પ્રારંભિક બંને મેચો જીતીને ઓસ્ટ્રેલિયા A ટીમે ત્રણ મેચોની આ વન-ડે શ્રેણી 2-1થી પોતાના નામે કરી લીધી છે.

પ્રથમ બેટિંગ કરતા ઈન્ડિયા A ટીમે 275 રન બનાવ્યા હતા. શેડગેએ 60 બોલમાં 66 રન બનાવ્યા હતા, જ્યારે વિપરાજ નિગમે 40 રનનું યોગદાન આપ્યું હતું. બંનેએ 7મી વિકેટ માટે 85 રનની મહત્વપૂર્ણ ભાગીદારી કરીને ટીમને મજબૂત સ્થિતિમાં પહોંચાડી હતી.

276 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયા A ટીમ તરફથી જોશ ફિલિપે 56 રન બનાવ્યા હતા. એક સમયે ટીમનો સ્કોર 2 વિકેટે 140 રન હતો, પરંતુ ગુરજપનીતે નાથન મેકસવીનીને આઉટ કરીને મેચનું પાસું પલટી નાખ્યું હતું.

ઓસ્ટ્રેલિયાએ તેની છેલ્લી સાત વિકેટ માત્ર 86 રનમાં ગુમાવી દેતાં સમગ્ર ટીમ 226 રનમાં સમેટાઈ ગઈ હતી.

સ્મૃતિ મંધાના બની યુનિસેફ ઈન્ડિયાની સેલિબ્રિટી એડવોકેટ

સ્મૃતિ બાળકોના અધિકારો માટે એક સશક્ત અવાજ બનશે : સચિન તેંડુલકર



નવી દિલ્હી, તા. 11 (પીટીઆઈ): ભારતીય મહિલા ક્રિકેટ ટીમની નવનિયુક્ત કેપ્ટન સ્મૃતિ મંધાનાને યુનિસેફ (UNICEF) ઈન્ડિયા દ્વારા 'સેલિબ્રિટી એડવોકેટ' તરીકે પસંદ કરવામાં આવી છે.

'આંતરરાષ્ટ્રીય કિશોરી દિવસ' (ઇન્ટરનેશનલ ડે ઓફ ધ ગર્લ) ના અવસરે આ મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી હતી. પોતાની આ નવી ભૂમિકામાં મંધાના કિશોરીઓના સશક્તિકરણ, આરોગ્ય અને સમાન તકોને પ્રોત્સાહન આપવા માટે યુનિસેફના પ્રયાસોને સમર્થન આપશે.

આ જાહેરાત બાદ ક્રિકેટના મહાન ખેલાડી અને યુનિસેફના સાઉથ એશિયાના એમ્બેસેડર સચિન તેંડુલકરે સોશિયલ મીડિયા પર સ્મૃતિનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, 'સ્મૃતિ મંધાના મેદાન પર લાખો લોકોને પ્રેરણા આપે છે અને તે મેદાન બહાર પણ બાળકોના અધિકારો માટે એક સશક્ત અવાજ બનશે.'

અર્જુન એવોર્ડ વિજેતા સ્મૃતિએ આનંદ વ્યક્ત કરતાં કહ્યું કે, હું યુનિસેફ ઈન્ડિયામાં જોડાઈને ગર્વનો અનુભવ કરી રહી છું દરેક બાળકને સ્વપ્ન જોવાની અને તેને સાકાર કરવાની તક મળવી જોઈએ.

નોંધનીય છે કે, હરમાનપ્રીત કૌરે કેપ્ટનશીપ છોડ્યા બાદ ચાલુ અઠવાડિયે જ મંધાનાને ભારતીય મહિલા ટીમની કેપ્ટન બનાવવામાં આવી છે.



શાંઘાઈ માસ્ટર્સ: ઝવેરેવ ત્રીજા રાઉન્ડમાં વિજયી, બેન શેલ્ટન ટુર્નામેન્ટમાંથી બહાર

ઝવેરેવ વર્લ્ડ નંબર 1 રેન્કિંગ મેળવવાની વધુ નજીક પહોંચ્યો

શંઘાઈ, તા. 11 (એપી): ટોપ સીડ એલેક્ઝાન્ડર ઝવેરેવે રવિવારે રમાયેલી રોમાંચક મેચમાં ફ્રાન્સના ક્વેંટીન હેલિસને 6-4, 6-7 (8), 6-3થી હરાવીને એટીપી 1000 શાંઘાઈ માસ્ટર્સના પ્રી-ક્વાર્ટર ફાઇનલ (રાઉન્ડ ઓફ 16) માં પ્રવેશ કર્યો છે. બીજા સેટના ટાઈબ્રેકરમાં બે મેચ પોઈન્ટ ગુમાવ્યા છતાં, જર્મન સ્ટાર ઝવેરેવે ત્રીજા સેટમાં શાનદાર વાપસી કરીને જીત નોંધાવી હતી. આ જીત સાથે તે આ સિઝનના અંતે વર્લ્ડ નંબર 1 રેન્કિંગ મેળવવાની વધુ નજીક પહોંચી ગયો છે.

અન્ય મુકાબલામાં, યુએસ ઓપનનો રનર અપ અને ત્રીજો ક્રમાંક ધરાવતા અમેરિકાના બેન શેલ્ટનનો ફ્રાન્સના 21 વર્ષીય આર્થર ગિયા સામે 7-6 (5), 7-6 (3)થી પરાજય થયો હતો.

આ સિવાય, 9મો ક્રમાંક ધરાવતા એલેક્સ ડી મિનોર અને 26મો ક્રમાંક ધરાવતા કારેન ખાચાનોવે પણ પોતપોતાની મેચો જીતીને આગળના રાઉન્ડમાં સ્થાન મેળવ્યું છે. પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં ઝવેરેવનો મુકાબલા અલેક્ઝાન્ડર બુબલિક સામે થશે.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

ખરજવું

ગાજર અને મીઠું ભેળવી બારીક કલ્ક કરવો. પાતળા કપડાં પર લઈ ખરજવું પર મૂકી બાંધી દેવું. દર 24 કલાકે પાટો બદલવો, અત્યંત જુના ખરજવા મટ્યા હોવાનો દાવો છે.



ઉદયવીર સિદ્ધુએ શૂટિંગ વર્લ્ડકપમાં ગોલ્ડ મેડલ જીત્યો

કેરો, તા. 11 (પીટીઆઈ): ભારતના શૂટર ઉદયવીર સિદ્ધુએ ઈન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ ફેડરેશન (ISSF) રાઇફલ/પિસ્તોલ વર્લ્ડકપમાં પુરુષોની 10 મીટર એર પિસ્તોલ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતીને દેશનું નામ રોશન કર્યું છે.

24 વર્ષીય ઉદયવીરે ફાઇનલમાં 240.6 પોઈન્ટનો સ્કોર કરીને જર્મનીના ઓલિમ્પિક મેડલ વિજેતા ક્રિશ્ચિયન રિટ્ઝને 0.5 પોઈન્ટથી હરાવીને આ સિદ્ધિ મેળવી હતી.

રોમાંચક ફાઇનલના અંતિમ બે શોટ પહેલા ઉદયવીર 0.3 પોઈન્ટથી પાછળ હતો.

જોકે, તેણે સચોટ નિશાનો સાધીને 10.2 અને 9.8નો સ્કોર કર્યો હતો, જ્યારે રિટ્ઝે 9.6નો સ્કોર કરતાં ઉદયવીરે આખરી શોટમાં જીત મેળવી હતી. રિટ્ઝે 240.1 પોઈન્ટ સાથે સિલ્વર અને ઇટાલીના પાઓલો મોન્નાએ 219.8 પોઈન્ટ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. અગાઉ, ઉદયવીરે ક્વાલિફિકેશન રાઉન્ડમાં ૫૮૫ પોઈન્ટ સાથે ચોથા સ્થાને રહીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

રણજી રાઉન્ડ અપ

રણજી ગ્રુપ-A: ગોવા સામે બરોડા જ્યારે મધ્ય પ્રદેશ સામે જે એન્ડ કે મજબૂત સ્થિતિમાં

શ્રીનગર-પણજી, તા. 11 (પીટીઆઈ): રણજી ટ્રોફી એલીટ ગ્રુપ-Aમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન જમ્મુ અને કાશ્મીરે શાનદાર પ્રારંભ કરતાં મધ્ય પ્રદેશને પ્રથમ ઈનિંગ્સમાં 196 રનમાં ઓલઆઉટ કર્યું હતું. જે એન્ડ કે તરફથી મધ્યમ ગતિના બોલર રોહિત શર્માએ ઘાતક બોલિંગ કરતા 36 રનમાં 5 વિકેટ ઝડપી હતી, જ્યારે સુનિલ કુમારે 4 વિકેટ લીધી હતી. જવાબમાં જમ્મુ કાશ્મીરે દિવસના અંતે 1 વિકેટે 3 રન બનાવ્યા હતા.

બીજી તરફ, પણજી ખાતે ગોવા સામે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા બરોડાની ટીમે પ્રથમ દિવસના અંતે 3 વિકેટે 204 રન બનાવીને મજબૂત પકડ જમાવી છે. બરોડા તરફથી શિવાલિક શર્માએ શાનદાર 62 રન બનાવ્યા હતા. દિવસની રમત પૂરી થઈ ત્યારે શાશ્વત રાવત (40*) અને દીપક હૂડા (38*) રમતમાં હતા.

ગ્રુપ B: રાજકોટમાં જાડેજા-માંકડની અર્ધસદીથી સૌરાષ્ટ્ર મજબૂત

આંધ્ર પ્રદેશ સામે કર્ણાટકના 274 રન, કે.એલ. રાહુલ, કરુણ નાયર અને મયંક અગ્રવાલ નિષ્ફળ રહ્યા



રાજકોટ-વિજયવાડા, તા. 11 (પીટીઆઈ): રાજકોટ ખાતે રમાઈ રહેલી રણજી ટ્રોફી એલીટ ગ્રુપ Bની મેચમાં છત્તીસગઢ સામે પ્રથમ દિવસે સૌરાષ્ટ્રે 4 વિકેટે 308 રન બનાવી મજબૂત પકડ જમાવી છે. ભારતીય ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ શાનદાર બેટિંગ કરતાં અણનમ 72 રન બનાવ્યા હતા. તેને સાથ આપતાં પ્રેરક માંકડે અણનમ 92 રન અને ઓપનર ચિરાગ જાનીએ 83 રનનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

બીજી તરફ, વિજયવાડામાં કર્ણાટકે રવિચંદ્રન સ્મરણના 126 રનની મદદથી પ્રથમ ઈનિંગ્સમાં 274 રન બનાવ્યા હતા.

કે.એલ. રાહુલ, કરુણ નાયર અને મયંક અગ્રવાલ નિષ્ફળ રહ્યા બાદ સ્મરણે ટીમને ઉગારી હતી. દિવસના અંતે આંધ્ર પ્રદેશનો સ્કોર 2 વિકેટે 16 રન હતો.

ગ્રુપ-C: ઓડિશા સામે ગુજરાતના બોલરો સંઘર્ષમાં; બંગાળ વતી શમીનો ઘાતક સ્પેલ



અમદાવાદ, કલ્યાણી, તા. 11 (પીટીઆઈ): અમદાવાદ ખાતે રમાઈ રહેલી ગ્રુપ Cની રણજી ટ્રોફી મેચમાં ઓડિશા સામે રવિવારે પ્રથમ દિવસે ગુજરાતના બોલરો મુશ્કેલીમાં મુકાયા હતા. ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય કરનાર ઓડિશાએ પ્રથમ દિવસના અંતે 3 વિકેટે 272 રન બનાવીને મજબૂત પકડ જમાવી લીધી છે. ઓપનર ગૌરવ ચૌધરીએ 263 બોલમાં 10 ચોગ્ગા અને 2 છગ્ગાની મદદથી શાનદાર અણનમ 121 રનની સદી ફટકારી હતી.

તેને સાથ આપતાં સદીપ પટનાયકે અણનમ 69 રન બનાવ્યા હતા. ગુજરાત તરફથી કેપ્ટન ચિંતન ગજા (1/46), અરઝાન નાગવાસવાલા (1/57) અને હર્ષલ પટેલ (1/77)ને સફળતા મળી હતી.

બીજી તરફ, કલ્યાણી ખાતે રમાયેલી મેચમાં ફાસ્ટ બોલર મોહમ્મદ શમીએ ફરી એકવાર ભારતીય સિલેક્ટર્સ સામે પોતાની શ્રેષ્ઠતા સાબિત કરતાં 30 રનમાં 4 વિકેટ ઝડપી હતી.

શમીના આ ઘાતક સ્પેલની મદદથી બંગાળની ટીમે દિલ્હીને પ્રથમ ઈનિંગ્સમાં 240 રનમાં ઓલઆઉટ કરી દીધું હતું. દિલ્હી તરફથી સિતિક શોકીને સર્વાધિક 56 રન બનાવ્યા હતા.

ગ્રુપ D: લાડ અને મુશીરના ફિફ્ટીથી મુંબઈ મજબૂત

અંશુલ કંબોજે ઘાતક બોલિંગ કરી હિમાચલ પ્રદેશને મુશ્કેલીમાં મૂક્યું

મુંબઈ, તા. 11 (પીટીઆઈ): રણજી ટ્રોફી એલીટ ગ્રુપ Dમાં ચંદીગઢ સામે રમતા મુંબઈએ કેપ્ટન સિદ્ધેશ લાડ અને મુશીર ખાનની અર્ધસદીઓની મદદથી પ્રથમ દિવસના અંતે 5 વિકેટે 249 રન બનાવ્યા હતા. કેપ્ટન લાડે 176 બોલમાં 8 ચોગ્ગા સાથે અણનમ 80 રન બનાવ્યા હતા, જ્યારે મુશીર ખાને 65 રનનું યોગદાન આપ્યું હતું. ચંદીગઢ તરફથી રોહિત ઢાંડાએ 3 વિકેટ ઝડપી હતી.

અન્ય મેચમાં રોહતક ખાતે હરિયાણાના ફાસ્ટ બોલર અંશુલ કંબોજે ઘાતક બોલિંગ કરતાં 32 રનમાં 4 વિકેટ ઝડપી હિમાચલ પ્રદેશને 7 વિકેટે 153 રનના સ્કોરે મુશ્કેલીમાં મૂકી દીધું હતું. હિમાચલ તરફથી આકાશ વસિષ્ઠે સર્વાધિક 49 રન બનાવ્યા હતા.

જ્યારે મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમ ખાતે ઉત્તરાખંડના દેવેન્દ્ર સિંહ બોરાએ 49 રનમાં 5 વિકેટ ઝડપીને રેલ્વેઝની ટીમને 278 રનમાં ઓલઆઉટ કરી દીધી હતી. રેલ્વેઝ તરફથી ઓપનર વિવેક સિંહે 112 રનની સદી ફટકારી હતી.

'કૂટ' સુડોકુ

૯	૬		૩		૮	૭		૫
૨		૮	૬				૪	૩
૩					૫		૬	૮
૮	૯		૧	૨	૬	૫		૪
૭	૨	૫	૯	૮			૩	૧
૬		૪				૮	૯	૨
૧				૬				
૪			૭		૨	૩		૬
૫					૧			

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૭	૨	૨	૬	૩	૪	૬	૯	૬
૬	૬	૯	૨	૬	૩	૨	૪	
૨	૩	૪	૯	૭	૨	૬	૬	૩
૩	૬	૨	૭	૨	૬	૩	૨	૪
૬	૪	૭	૩	૬	૨	૨	૬	૨
૬	૨	૩	૨	૪	૬	૬	૩	૭
૨	૬	૬	૨	૨	૭	૩	૬	૬
૪	૨	૬	૬	૭	૩	૬	૨	૨
૬	૭	૨	૬	૬	૨	૪	૩	૬

૮૫૩૬ - ૭૬૬ ક્રિપ્ટિક

શબ્દગુંફન - ૭૨૬૭

અરવિંદ એસ. મારૂ

આડી ચાવી

૧. નદીના પ્રવાહથી ઉપલે ભાગે (૫)
૪. આતુરતા, ચટપટી (૪)
૬. રોકાવું કે ગૂંગળાવું તે (૩)
૮. વેપાર (૩)
૧૦. સિંહની ગર્જના (૩)
૧૨. સીમા, મર્યાદા (૨)
૧૩. પક્ષી (૨)
૧૪. પરમેશ્વર (૨)
૧૫. કુદરતી બરફ (૨)
૧૭. તેજ, ભપકો (૩)
૧૯. દુનિયા, વિશ્વ (૩)
૨૧. સહાય (૩)
૨૩. રંગ, વર્ણ (૨)
૨૪. મહેલ, પવિત્ર ધામ (૪)
૨૭. ઉજમણી, જાફત (૪)
૩૦. સાડીનો છેડો (૩)
૩૨. આપવું તે (૨)
૩૩. તોફાન, ધમાલ (૪)
૩૪. હાથ, વેરો (૨)

ઊભી ચાવી

૧. તોફાની, મસ્તીખોર (૨)
૨. પતિ, રમવું તે (૩)
૩. પાર, છેડો (૨)
૪. ધૂન, મસ્તી (૨)
૫. ચણાનો લોટ (૩)
૭. ધ્વજ, વાવટો (૨)
૮. કૃષ્ણ પક્ષનું, અંધારિયું (૨)
૯. શારીરિક ઈજા, ઘા (૩)
૧૦. તાંબાપિત્તળનો ડબ્બો (૩)
૧૧. સોનું, કુંદન (૩)
૧૨. હળદરનો લોટ (૩)
૧૫. લાભ, ફાયદો (૨)
૧૬. મોટી નદી (૨)
૧૮. અનુકરણ (૩)
૨૦. ખપ, જરૂર (૩)
૨૧. ઈચ્છા, મરજી, દિલ (૨)
૨૨. શ્વાસ (૨)
૨૩. ભાષા, બોલી (૨)
૨૫. મક્કાનો જાપ્રાળું (૨)
૨૬. વિશ્વાસ (૩)
૨૭. વેરાન (૩)
૨૮. સોના-ચાંદીનું છેક પાતળું પતરું (૩)
૨૯. પળ, ક્ષણ (૩)
૩૧. પતિ (૨)
૩૨. લાગો, કર (૨)

૭૩૨૭ - ૬૬૭ ક્રિપ્ટિક

આજનું પંચાંગ

તા. 12/10/2026, સોમવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** આસો
તિથિ: સુદ: બીજ: 22:14
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : આસો-20
યોગ : વિષ્કુંભ **કરણ:** બાવલ
નક્ષત્ર : સ્વાતિ: 23:53
દિવસ : શુભ
સુરતમાં સૂર્યોદય : 06:34 **સુરતમાં સૂર્યાસ્ત** : 18:16
નવકારસી : 07:22
પારસી વર્ષ : 1396 અરદિ બેહસ્ત માસનો 29મો રોજ
મુસલમાન વર્ષ :1448 રબિઉલ આખર માસનો 30મો રોજ
દિવસનાં ચોઘડિયાં: અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
રાત્રિનાં ચોઘડિયાં: ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ,
રાહુ કાળ : સવારે: 07:30 થી 09:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ,ટ,): જીવનસાથી સાથે મનોરંજન પ્રવાસ થાય. નવા કામ માટે યોજના બને. દલાલીની આવક વધે.

કન્યા (પ,ઠ,ણ,): મોજ-શોખ- ખાણી-પીણી દલાલી, ટ્યુશન વગેરે કામમાં આવક વધે. નવી તકથી ઉત્સાહ વધે.

તુલા (ર,ત,): ક્રિએટીવ અને રોમેન્ટીક મુડ રહે. નોકરીમાં તમારા નવા વિચારોની કદર થાય. અચાનક શુભ સમાચાર મળે.

વૃશ્ચિક (ન,ય,): અંગત જીવનમાં રસિક મુલાકાત થાય. મોજ-શોખના ખર્ચા વધશે. વિદેશના કામમાં મદદ મળે. ગુપ્ત ભય રે.

ધન (ભ,ધ,ફ,ઢ,): સ્ત્રી મિત્રોનો સાથ મળે. પ્રેમમાં તાલમેળ વધશે. નવી શિક્ષણ નીતિનો લાભ વિદ્યાર્થીઓને મળે.

મકર (ખ,જ,): સ્ત્રી વર્ગને ઉપયોગી ચીજવસ્તુના વેપારમાં આવક વધશે. જાહેર જીવનમાં સાવધાની રાખવી.

કુંભ (ગ,સ,શ,ષ,): શિક્ષણ બાબતે મદદ મે. બૌદ્ધિક લોકનો સાથ મળે. સાહિત્ય, લેખન વગેરેમાં પ્રગતિ થાય.

મીન (દ,ચ,ઝ,થ,): ગુપ્ત ભય સતાવે. નોકરીમાં પ્રગતિ થાય. વીમા-એજન્સી-વિલ-વારસાને લગતાં કામ થાય.

મેષ (અ,લ,ઇ,): આવક વધારવાની યોજના પાર પડે. ઘરના શુભ પ્રસંગનું આયોજન થાય. ભાગીદારીની નવી યોજના બને.

વૃષભ (બ,વ,ઉ,): રોમેન્ટીક અને રંગીન સ્વભાવ પર કાબૂ રાખવો. આરોગ્યનું ધ્યાન રાખવું. નોકરીમાં યશ મળે. ખર્ચા વધે.

મિથુન (ક,છ,ઘ,): પુત્રી સંતાનનો સાથ મળે. પ્રેમ વિવાહની યોજના બને. સંતાનોના કામની ચિંતા રહે. આવક વધે.

કર્ક (ડ,હ,): ઘર, ઓફિસ વગેરેમાં નવા ફેરફારથી અનુકુળતા વધશે. નોકરીમાં પ્રમોશન થાય. આવક વધે.

કોઈ પણ સાલમાં 12 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં નવા ફેરફારથી કાર્યબોજ અને દોડધામની સાથે નવું શીખવા મળશે. આર્થિક બાબતે સામાન્ય રહે. સમાજમાં માન વધે. પરિવાર-કુટુંબની મદદ આવક વધારવાની યોજના અને સંતાનોના અભ્યાસ-કેરીયરમાં મળે. ઉધરાણી આવી શકે છે. નવા રોકાણ થાય. આરોગ્ય સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. ઉમર લાયકના વિવાહ થાય. નવા ઘર વાહન મકાન બાબતે શરૂઆતમાં સફળતા મળે. પ્રેમ વિવાહની યોજનામાં મદદ મળે. વિદેશનો કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવે. સ્ત્રી વર્ગને ભાગ્યનો સાથ મળે. આરોગ્ય બાબતે સાવધાન રહેવું. વારસા, જાયદાત, જમીન જેવા કામમાં પ્રગતિ થાય. ટેકનોલોજીનો લાભ મળે. વડીલો- મિત્રોની મદદ સમાજિક કામમાં મળે. યાત્રા-પ્રવાસ- ધર્મ-કર્મ થાય. ફેબ્રુઆરી માર્ચ તથા નવેમ્બર-ડિસેમ્બરમાં ગુરુ, શુક્રવારે, 03, 12, 21, 30 તારીખે નવા કામ કરવાં. પીળો, જાંબલી, સોનેરી રંગનો ઉપયોગ વધારવો. જૂન-જુલાઈમાં રવિ-બુધવારે 02,11, 20, 29 તારીખે નવા કામ ટાળવાં. લાલ-નીલા રંગનો ઉપયોગ ટાળવો.